
શ્રેણી: ૧ પુષ્પ: ૨૦

# જૈન ચરિત્ર માળા

# વીતરાગની વાણી

લેખક : ધીરજલાલ ટોકરશી શાહ




પ્રકાશક : જૈન પ્રકાશન મંદિર, ૮૬, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨

# આમુખ

બાળકથી લઇને વૃદ્ધો સુધી સહુ કોઇને એકધારો આનંદ અને ઉત્તમ બોધ આપી શકે તેવી વસ્તુ તે કથા, વાર્તા કે ચરિત્ર છે. આવું સાહિત્ય જૈન સંસ્કૃતિએ ખૂબ નિર્માણ કર્યું છે અને તે દ્વારા લાખો મનુષ્યનાં હૃદય અજવાળ્યાં છે. પ્રસ્તુત પ્રયાસ તેવો જ એક પ્રયાસ છે અને તેથી સહુ કોઈની પ્રશંસા માગી લે છે.

આ ચરિત્રોના લેખક સુપ્રસિદ્ધ શતાવધાની ધીરજલાલ ટોકરશી શાહ છે કે જેઓ બાલ સાહિત્ય અને કુમાર સાહિત્યના ઉત્તમ લેખક તરીકે સારા યે ગુજરાતમાં પ્રસિદ્ધિ પામેલા છે; એટલે આ ચરિત્રો સહુ કોઈને અભિનવ આનંદ સાથે જ્યોતિર્મય જીવન જીવવાની પ્રેરણા આપશે એ નિઃસંશય છે.

પ્રકાશકે આવું ઉત્તમ અને આવશ્યક સાહિત્ય પ્રસિદ્ધ કર્યું છે તે માટે ધન્યવાદ. જૈન સમાજ તેની પૂરેપૂરી કદર કરશે તેવી આશા સાથે વિરમું છું.

મુંબઇ, ૨૨–૭–૫૧ — યશોવિજય

# વીતરાગની વાણી

## ૧ મુક્તિ વિષે

૧ સંયમ અને તપથી પૂર્વ કર્મોને દૂર કરી સર્વ દુઃખોથી રહિત થયેલા મહર્ષિઓ શીઘ્ર મોક્ષને પામે છે. ( ઉ–૨૮–૩૬ )

૨ સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી, અજ્ઞાન અને મોહના સંપૂર્ણ ત્યાગથી તેમજ રાગ અને દ્વેષના ક્ષયથી એકાંત સુખકારી મોક્ષપદ પામી શકાય છે. ( ઉ–૧૨–૨ )

૩ સમુદ્ર સમાન ગંભીર, બુદ્ધિથી પરાભવ નહિ પામનારા, સંકટોથી ત્રાસી નહિ જનારા, કામભોગમાં અનાસક્ત, શ્રુતથી પરિપૂર્ણ અને પ્રાણીઓના રક્ષક મહાપુરુષો કર્મક્લેશનો નાશ કરીને ઉત્તમગતિ (મોક્ષ)ને પામ્યા છે. ( ઉ–૧૯–૩૧ )

૪ આલોક અને પરલોક બંનેમાં જેને કશું બંધન નથી, તથા જે બધા પદાર્થોની આશંસાથી રહિત, નિરાલંબ

---

ઉ= ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન, ગાથા.

દ= દશવૈકાલિક સૂત્ર, અધ્યયન, ગાથા.

આ= આચારાંગ સૂત્ર, શ્રુતસ્કંધ, સૂત્ર.

અને અપ્રતિબદ્ધ છે, તે માર્ગમાં આવવાજવાથી મુક્ત થાય છે. ( આ–અ–૧૬ )

૫ ભોગી સંસારમાં ભમે છે, ભોગમુક્ત સંસારથી મુક્ત થાય છે. ( ઉ–૨૫–૪૧ )

૬ જેઓ કામગુણને ઓળંગી જાય છે, તેઓ ખરેખર મુક્ત છે. ( આ–૨–૭૪ )

૭ કરેલા કર્મોને ભોગવ્યા વિના મુક્તિ નથી.(ઉ–૧૩–૯)

૮ કર્મોથી બંધાયેલો જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. ( ઉ–૧૩–૯ )

૯ જ્ઞાન, દર્શન ( તત્ત્વરૂચિ ), ચારિત્ર (સંયમ અને તપ)થી સંયુક્ત એવા માર્ગને પામેલા જીવો મુક્તિ પામે છે. ( ઉ–૨૮–૩ )

૧૦ દર્શન વિના જ્ઞાન ન હોય, જ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય, અને ચારિત્રના ગુણો વિના મુક્તિ મળે નહિ. તેજ રીતે કર્મથી મુક્તિ મળ્યા વિના નિર્વાણપ્રાપ્તિ અશક્ય છે. ( ઉ–૨૮–૩૦ )

## ૨ સંસાર વિષે

૧૧ શરીર એ નાવ છે, સંસાર એ સમુદ્ર છે, અને જીવ એ નાવિક છે. મહર્ષિ પુરુષો સંસારસમુદ્રને શરીર દ્વારા તરી જાય છે. ( ઉ–૨૩–૭૩ )

૧૨ ઘર બળતું હોય ત્યારે તે ઘરનો ધણી અસાર વસ્તુઓને છોડી પહેલાં બહુ મૂલ્યવાળી વસ્તુઓ જ કાઢી લે છે. તેમ આ સમસ્ત સંસાર જરા અને મરણથી બળી રહ્યો છે. તેમાંથી શાણો પુરુષ તુચ્છ એવા કામ ભોગોને તજીને આત્માને ઉગારી લે. ( ઉ–૧૯–૨૩ )

૧૩ જળ પીવાં જતાં કાદવમાં ખુંચી ગયેલો હાથી કાંઠાને જોવા છતાં તેને પામી શકતો નથી. એજ પ્રમાણે કામભોગમાં આસક્ત થયેલા મનુષ્યો ત્યાગમાર્ગને અનુસરી શકતા નથી. ( ઉ–૧૩–૩૦ )

૧૪ લોકોની કામનાનો પાર નથી. તેઓ ચાળણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે. ( આ–૩–૧૧૩ )

૧૫ જેના પર તું મુગ્ધ બન્યો છે, તે જીવન અને રૂપ એ બધું વિદ્યુતના ચમકારા જેવું ચંચલ છે. ( ઉ–૧૮–૧૩ )

૧૬ સ્ત્રી, પુત્રો, મિત્રો કે બંધુઓ જીવતાને જ અનુસરી તેમાં ભાગીદાર બને છે. મરણ થયા પછી કોઇ અનુસરતું નથી. ( ઉ–૧૮–૧૪ )

૧૭ સગાંવ્હાલાં, ધન અને પરિવાર એ બધું અહીં રહી જાય છે અને જીવે કરેલાં શુભ કે અશુભ કર્મ જ તેની સાથે જાય છે. ( ઉ–૧૮–૧૭ )

૧૮ સ્ત્રી, પુત્રો, પૌત્રો, માતા, પિતા, ભાઇઓ અને પુત્રવધૂઓ પોતાના કર્મથી પીડાતા એવા તને શરણ આપવા માટે સમર્થ નથી. ( ઉ–૬–૩ )

૧૯ દરેકને પોતાનાં સુખદુઃખ જાતે જ ભોગવવાં પડે છે. ( આ–૨–૧૮–૭૧ )

૨૦ વિષયોના સ્વરૂપને જે બરાબર જાણે છે, તે સંસારને બરાબર જાણે છે. ( આ–૫–૧૪૩ )

## ૩ ધર્મ વિષે

૨૧ જરા અને મરણરૂપી વેગથી સંસારના પ્રાણીઓ તણાઈ રહ્યાં છે. તેનું શરણ, સ્થાન, ગતિ અને આધારરૂપ દ્વીપ જે કહો તે એક ધર્મ જ છે. ( ઉ–૨૩–૬ )

૨૨ જે મુસાફર અટવી જેવા લાંબા માર્ગમાં ભાતું લીધા વિના પ્રયાણ કરે છે, તે રસ્તે જતાં ક્ષુધા અને તૃષાથી ખૂબ પીડાય છે અને દુઃખી થાય છે. તે જ પ્રમાણે જે મનુષ્ય ધર્મને આચર્યા વિના પરલોકમાં જાય છે, તે ત્યાં જઈને અનેક પ્રકારના રોગો અને ઉપાધિઓથી પીડાય છે. ( ઉ–૧૯–૧૮/૧૯ )

૨૩ અધર્મને અંગીકાર કરીને મરણના મ્હોં આગળ ગયેલો પાપી માણસ જીવનધોંસરી ભાંગી ગઈ હોય તે જ પ્રકારે શોક કરે છે. ( ઉ–૫–૧૫ )

૨૪ જે જે રાત્રિ દિવસ જાય છે, તે પાછા ફરતા નથી. પણ સદ્ધર્મના આચરનારને તે સફલ થઈ જાય છે. ( ઉ–૧૪–૨૫ )

૨૫ ધર્મ એ પરમ મંગલ છે. અહિંસા સંયમ અને તપરૂપી ધર્મમાં જેનું મન સદા લાગેલું છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. ( દ-૧-૧ )

૨૬ જ્ઞાની પુરુષોએ જે ધાર્મિક વ્યવહારને આચર્યો છે, તે આચરવો. ધાર્મિક વ્યવહારને આચરતો મનુષ્ય નિંદાને પામતો નથી. ( ઉ-૧-૪૨ )

૨૭ સરલ આત્માની શુદ્ધિ થાય છે અને શુદ્ધ મનુષ્યના અંતઃકરણમાંજ ધર્મ ટકી શકે છે. ( ઉ-૨-૧૨ )

## ૪ દુર્લભ વસ્તુ વિષે

૨૮ આ સંસારમાં પ્રાણી માત્રને ચાર ઉત્તમ વસ્તુઓની પ્રાપ્તિ થવી દુર્લભ છે: (૧) મનુષ્યત્વ (૨) સાચા શાસ્ત્રોનું શ્રવણ (૩) શ્રદ્ધા અને (૪) સંયમની શક્તિ.(ઉ-૩-૧)

૨૯ ઘણાં ભવો કરીને કર્મોનો ક્રમિક નાશ કર્યા પછી શુદ્ધિને પામેલો જીવ અનુક્રમે મનુષ્યભવને પામે છે. ( ઉ-૩-૭ )

૩૦ મનુષ્ય શરીર પામીને પણ સત્ય ધર્મનું શ્રવણ દુર્લભ છે કે જેને સાંભળવાથી તપશ્ચર્યા, ક્ષમા અને અહિંસાની પ્રાપ્તિ થાય. ( ઉ-૩-૮ )

૩૧ કદાચિત તેવું ધર્મશ્રવણ થાય છતાં શ્રદ્ધા તો અત્યંત દુર્લભ છે. અહો ! આ જગતમાં ઘણા જીવો ન્યાય માર્ગને સાંભળ્યા છતાં પતિત થાય છે. ( ઉ-૩-૯ )

૩૨ મનુષ્ય શરીર, શાસ્ત્રશ્રવણ અને શ્રદ્ધા પામ્યા પછી પણ સંયમની શક્તિ તો દુર્લભ જ છે. કારણ કે ઘણા મનુષ્યો સત્ય પ્રત્યે રૂચિ ધરાવતા હોય છે, છતાં તેને આચરી શકતા નથી. ( ઉ–૩–૧૦ )

## ૫ પ્રમાદ ન કરવા વિષે

૩૩ જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મૃત્યુથી છુટી શકતો હોય, અથવા જે જાણતો હોય કે હું મરીશ નહિ તેજ ખરેખર આવતી કાલ પર વિશ્વાસ રાખી શકે.

૩૪ જ્યાં સુધી વૃદ્ધાવસ્થાથી પીડિત થયા નથી, રોગો વધ્યા નથી અને ( ઉ–૧૪–૨૭ ) ઇંદ્રિયોની શક્તિ કાયમ છે, ત્યાં સુધી ધર્મનું આચરણ કરવા પ્રયત્ન કરવો. ( દ–૮–૩૬ )

૩૫ પીળું જીર્ણ પાંદડું જેમ રાત્રિના સમૂહો પસાર થયે પડી જાય છે, તેમ મનુષ્યોનું જીવિત પણ આયુષ્ય પૂર્ણ થયેથી પડી જાય છે. માટે હે ગૌતમ ! ક્ષણ માત્રનો પ્રમાદ કરીશ નહિ. ( ઉ–૧૦–૧ )

૩૬ દાભડાના અગ્રભાગ પર અવલંબીને રહેલું ઝાકળનું બિંદુ જેમ થોડી વાર જ રહી શકે છે, તેમ મનુષ્યના જીવનનું સમજી હે ગોતમ ! ક્ષણ માત્રનો પ્રમાદ કરીશ નહિ. (ઉ–૧૦–૨)

૩૭ તારૂં શરીર જીર્ણ થયું છે, તારા કેશો ફીક્કા પડી

ગયા છે, તારૂં સર્વ બળ હરાઈ રહ્યું છે. માટે તું ક્ષણ માત્રનો પ્રમાદ કરીશ નહિ. (ઉ–૧૦–૨૬)

૩૮ શરદ ઋતુનું ખીલેલું કમલ જેમ પાણીથી ઉત્પન્ન થવા છતાં નિરાળું રહે છે, તેમ તું આસક્તિથી અલગ થા. અને સર્વ વસ્તુના મોહથી રહિત થઇને હે ગૌતમ! તું ક્ષણ માત્રનો પ્રમાદ કરીશ નહિ. (ઉ–૧૦–૨=)

૩૯ જીવિત સંધાય તેવું નથી, માટે પ્રમાદ ન કર. (ઉ·૪·૧)

## ૬ કાયા વિષે

૪૦ આ શરીર અશુભથી ઉત્પન્ન થયેલું હોઇ અપવિત્ર છે, વળી દુઃખ અને કલેશોનું ભાજન છે, તથા અનિત્ય અને અશાશ્વત છે. પાણીના પરપોટા જેવા ક્ષણિક શરીરમાં મમતા શી? ( ઉ. ૧૯–૧૨/૧૩ )

૪૧ સંચિત કર્મના ક્ષયને માટે જ આ દેહનો સદુપયોગ કરવો. ( ઉ. ૬–૧૩ )

## ૭ કામભોગો વિષે

૪૨ કામભોગો કાળા નાગ જેવા છે, કામભોગોની પ્રાર્થના કરતાં કરતાં જીવો બિચારા તેને પામ્યા વિના જ દુર્ગતિમાં ચાલ્યા જાય છે. ( ઉ–૯–૫૩ )

૪૩ કામભોગને માટે ભમતો જીવ કામભોગથી ન નિવર્તતા હમેશાં રાત્રિ અને દિવસ બળતો જ રહે છે. ( ઉ–૧૮–૧૪ )

૪૪ જેમ કિંપાક ફલનું પરિણામ સુંદર નથી, તેમ ભોગવેલા ભોગોનું પરિણામ પણ સુંદર નથી. ( ઉ. ૧૯–૧૭ )

૪૫ કામભોગો ક્ષણ માત્ર સુખ આપીને બહુ કાળ સુધી દુઃખ આપનારા છે. ( ઉ–૧૪–૧૭ )

૪૬ કામો પૂર્ણ થવા અશક્ય છે અને જીવિત વધારી શકાય તેવું નથી, કામકામી મનુષ્ય શોક કર્યા જ કરે છે તથા ઝુર્યા કરે છે. ( આ–૨–૧૨ )

૪૭ કામભોગો દાભદાની ટોચના જળબિંદુ જેવા ચપળ છે. તો ક્ષીણ થતાં ટુંકા આયુષ્યકાલમાં શા માટે કલ્યાણના માર્ગને ન અનુસરવો ? ( ઉ–૭–૨૪ )

૪૮ દેવલોક સુધીના સમગ્ર લોકમાં જે કાંઇ શારીરિક અને માનસિક દુઃખ છે, તે બધું ખરેખર કામભોગોની આસક્તિથીજ ઉત્પન્ન થયેલું છે. તેથી નિરાસક્ત પુરુષ જ તે દુઃખનો અંત આણી શકે છે. ( ઉ–૩૨–૧૯ )

૪૯ સ્વાદુ ફલવાળા વૃક્ષની ઉપર પક્ષીઓ જેમ ધસી આવીને તેને પીડા ઉપજાવે છે, તેમ ઇંદ્રિયોના વિષયમાં ઉન્મત્ત બનેલા મનુષ્યની ઉપર કામભોગો પણ ધસી આવીને પીડા કરે છે. ( ઉ–૩૨–૧૦ )

## ૮ આસકિત વિષે

૫૧ જેમ મોટા સાગરને તર્યા પછી ગંગા જેવડી મોટી નદી પણ તરવામાં સુલભ છે, તેમ સ્ત્રીઓની આસક્તિ

છોડયા પછી બીજી બધી આસક્તિ છોડવી સુલભ થાય છે. (ઉ–૩૨–૧૮)

૫૨ જે શબ્દ (સ્વર)માં તીવ્ર આસક્તિ રાખે છે તે સંગીતના રાગમાં આસક્ત થયેલા મૃગલાની માફક મુગ્ધ થઈને શબ્દમાં અતૃપ્ત રહી અકાલ મૃત્યુ પામે છે. (ઉ–૩૨–૩૭)

૫૩ દૃષ્ટિનો લોલુપી પતંગિયો રૂપના રાગમાં આતુર થઈને આકસ્મિક મૃત્યુ પામે છે, તે જ પ્રકારે રૂપોમાં જે તીવ્ર આસક્તિ રાખે છે, તે આકસ્મિક મૃત્યુને પામે છે. (ઉ–૩૨–૫૦)

૫૪ જે ગંધમાં તીવ્ર આસક્તિ રાખે છે, તે ચંદનાદિ ઔષધિની સુગંધમાં આસક્ત થઈ પોતાના રાફડામાંથી બહાર નીકળેલા સર્પની માફક અકાલિક મૃત્યુને પામે છે. (ઉ–૩૨–૫૦)

૫૫ જેમ રસનો ભોગી મચ્છ આમિષ (માંસ)ના લોભમાં લોખંડના કાંટાથી ભેદાઈ જાય છે, તેમ રસોમાં તીવ્ર આસક્તિ રાખનાર અકાલ મૃત્યુથી ઝડપાઈ જાય છે. (ઉ–૩૨–૬૩)

૫૬ જે સ્પર્શોમાં તીવ્ર આસકિત રાખે છે, તે જંગલ–જલાશયના ઠંડા જલમાં પડેલા અને ગ્રાહ (એક જાતનું જલચર પ્રાણી)થી પકડાયેલા રાગાતુર પાડાની માફક અકાલ મૃત્યુ પામે છે. (ઉ–૩૨–૭૬)

૫૭ થોડી પણ આસક્તિ એ જાળ છે, તેમ માનીને પગલે પગલે સાવધ થઈને વિચરવું. (ઉ-૪-૭)

## ૯ આત્માને જિતવા વિષે

(આત્મા શબ્દ અહીં બાહ્ય ભાવોમાં અથવા દ્વૈત ભાવમાં રમી રહેલા આત્માને માટે જ સામાન્ય રીતે વપરાયેલો છે.)

૫૮ દશ લાખ સુભટને દુર્જય સંગ્રામમાં જિતવા કરતાં એક આત્માને જિતવો તે ઉત્તમ છે; અને તે જ સાચી જિત છે. (ઉ-૯-૩૫)

૫૯ આત્મા સાથે જ યુદ્ધ કરો! બહારના યુદ્ધથી શું વળવાનું છે? આત્મા વડે આત્માને જિતીને સુખ મેળવી શકાય છે. (ઉ-૯-૩૫)

૬૦ કોઇ આ આખી દુનિયાને એક જ વ્યક્તિને ઉપભોગ માટે આપી દે, તો પણ તે તેનાથી સંતુષ્ટ થશે નહિ; કારણ કે આ આત્મા દુઃખે કરીને પૂરાય તેવો છે. (ઉ-૮-૧૭)

૬૧ આ આત્મા પોતે જ વૈતરણી નદી અને કૂટ શાલ્મલી વૃક્ષ જેવો દુઃખદાયી તથા કામદૂધા ગાય અને નંદનવન સમાન સુખદાયી છે. (ઉ-૨૦-૩૬)

૬૨ આત્મા જિતાયો કે સર્વ જિતાયું (ઉ-૯-૩૬)

## ૧૦ મનોવૃત્તિઓ સુધારવા વિષે

૬૩ મન એ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો છે. તે સંસારના વિષયો તરફ આમ તેમ દોડી રહ્યો છે. ધર્મ-શિક્ષા રૂપી લગામ વડે તેનો નિગ્રહ થઈ શકે છે. (ઉ-૨૩-૫૮)

૬૪ ક્રોધ (ગુસ્સો), અભિમાન, કપટ અને લોભ એ ચાર મલિન વૃત્તિઓ પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળની સિંચક છે. (ઉ-૮-૪૦)

૬૫ ક્રોધથી સદ્ભાવ નાશ પામે છે, અભિમાન વિનયનો નાશ કરે છે, કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વ-નો નાશ કરે છે. (દ-૮-૩૮)

૬૬ શાંતિ વડે ક્રોધને હણવો, મૃદુતાથી અભિમાનને જિતવું, સરલતાથી કપટને જીતવું અને સંતોષથી લોભને જિતવો. (દ-૮-૨૯)

૬૭ ક્રોધને દબાવવો, અભિમાનને દૂર કરવું, કપટને સેવવું નહિ તથા લોભને છોડી દેવો. (ઉ-૪-૧૨)

૬૮ ક્ષમાથી વિકટ પરીષહો પર પણ વિજય મેળવી શકાય છે. (ઉ-૨૯-૪૬)

૬૯ નિર્લોભતાથી નિરાકુલતા (શાંતિ) પ્રાપ્ત થાય છે. (ઉ-૨૯-૪૮)

૭૦ નિષ્કપટતાથી સુંદર સરળતા પ્રાપ્ત થાય છે. (ઉ-૨૯-૪૮)

૭૧ મૃદુતાથી આઠ પ્રકારના મદરૂપ શત્રુનો સંહાર કરી શકાય છે. ( ઉ–૨૯–૪૯ )

૭૨ કૈલાસપર્વત જેવડા સોના અને રૂપાના અસંખ્ય પહાડો કદાચ આપવામાં આવે છતાં તે એક લોભીને માટે પૂરતા નથી. કારણકે ઇચ્છાઓ (તૃષ્ણા) આકાશ જેવી અનંત છે. ( ઉ-૯–૪૯ )

૭૩ હૃદયના ઊંડાણ ભાગ રૂપી જમીનમાં એક વેલડી એવી ઉગી છે કે જેને વિષ જેવાં ઝેરી ફળો લાગે છે.(તૃષ્ણા) ( ઉ–૨૩–૪૫ )

૭૪ હૃદયમાં ખૂબ જાજ્વલ્યમાન અને ભયંકર એક અગ્નિ સળગી રહ્યો છે, કે જે શરીરમાં રહીને તેને જ બાળે છે. ( ક્રોધ, અભિમાન, કપટ અને લોભ રૂપી કષાયો. ) ( ઉ–૨૩–૪૦ )

૭૫ કષાયો એ અગ્નિ છે અને જ્ઞાન, સદાચાર અને તપશ્ચર્યા એ જલની ધારાઓ છે. ( ઉ–૨૩–૫૩ )

૭૬ ક્રોધ, અભિમાન, કપટ અને લોભને દબાવી તારી પાંચે ઇન્દ્રિયોને વશ કર અને આત્માને કામભોગમાંથી પાછો વાળ. ( ઉ–૨૨–૪૫ )

## ૧૧ સાવધાની રાખવા વિષે

૭૭ આડા અવળા માર્ગે ન જતાં સીધા માર્ગે જવું. ( ઉ–૨૪–૧ )

૭૮ નિર્દોષ, પરિમિત અને ઉપયોગી ભાષા જ બોલવી. ( ઉ-૨૪-૧૦ )

૭૯ મલ, મૂત્ર, બળખો નાશિકાનો મેલ, શરીરનો મેલ, અપથ્ય આહાર, અનુપયોગી વસ્ત્ર, મૃત શરીર તથા ફેંકી દેવા યોગ્ય નકામી વસ્તુઓ ઉચિત જગાએ જ નાખવી. ( ઉ-૨૪-૧૫ )

## ૧૨ સદાચાર વિષે

૮૦ સડેલી કુતરી જેમ સર્વ સ્થલેથી અપમાન પામે છે, તેમ વાચાલ અને દુરાચારી સર્વ સ્થલેથી તિરસ્કાર પામે છે. ( ઉ-૧-૪ )

૮૧ ભુંડ સુંદર અનાજના ડુંડાને છોડીને વિષ્ટાને ખાવાનું પસંદ કરે છે, તેમ દુરાચારી મૂર્ખ સદાચાર છોડીને સ્વચ્છંદે વિચરવામાં જ આનંદ પામે છે. (ઉ-૧-૫)

૮૨ મુમુક્ષુ અને સત્યશોધકે વિનયની વિવેકપૂર્વક આરાધના કરવી તથા સદાચારમાં આગળ વધવું. તેમ કરવાથી તેને ક્યાંઇ નાસીપાસી મળશે નહિ. (ઉ-૧-૭)

૮૩ ભાન થતાં જ પાપ કર્મને છોડી દેવું. ( ઉ-૧-૧૨ )

૮૪ શરીરના અંત સુધી સદ્‌ગુણોની જ આકાંક્ષા કરવી. ( ઉ-૪-૧૪ )

૮૫ લાંબા વખતનાં ચર્મ, નગ્નત્વ, જટા, સંધાટિ ( એક

જાતનું ઉત્તરીય વસ્ત્ર) કે મુંડન દુરાચારવાળા વેશધા-
રીને શરણભૂત થતાં નથી. ( ઉ–૫–૨૧ )

૮૬ સાધુ હો કે ગૃહસ્થ હો, સદાચારી હોય તેની જ
સદ્ગતિ થાય છે. (ઉ–૫–૨૨)

૮૭ જે સદાચારી હોય છે, તે જ આ દુસ્તર સંસારને
તરી જાય છે. ( ઉ–૮–૬ )

૮૮ ભ્રષ્ટાચારીને આલોક કે પરલોકમાં જરા પણ શાંતિ થતી
નથી. તે આંતરિક અને બાહ્ય બંને પ્રકારના દુઃખનો
ભોગ બની જાય છે. ( ઉ–૨૦–૪૬ )

૮૯ જે છિદ્રવાળી નાવ છે, તે પાર ન પહોંચાડતા વચમાં
ડૂબી જાય છે અને ડુબાડે છે. છિદ્રવિનાની નાવ જ પાર
ઉતારે છે. ( ઉ–૨૩–૭૧ )

૯૦ સર્વ કામભોગોને સમીપ જોવાં છતાં મુમુક્ષુ તેમાં
લોભાતો નથી. ( ઉ–૮–૪ )

૯૧ આ આત્મા સુમાર્ગે રહે તો પોતાનો મિત્ર છે અને
કુમાર્ગે રહે તો પોતે જ પોતાનો શત્રુ છે. (ઉ–૨૦–૩૭)

૯૨ મસ્તકને છેદનાર શત્રુ જે અનર્થ ન કરી શકે તે અનર્થ
પોતાનો આત્મા જો કુમાર્ગે જાય તો કરે છે.(ઉ–૨૦–૪૮)

## ૧૩ તપ અને સંયમ વિષે

૯૩ તપ અને સંયમથી આત્માને દમવો તે જ ઉત્તમ છે.
( ઉ–૧–૧૬ )

૯૪ જેઓ પોતાના જીવનને નિયમમાં ન રાખતાં સમાધિ-યોગથી ભ્રષ્ટ થાય છે, તેઓ કામભોગમાં આસક્ત થઇને આસુરી દેહમાં ઉત્પન્ન થાય છે. ( ઉ–૮–૧૪ )

૯૫ પાંચ ઇંદ્રિયોનું નિયમન કરનારા, જીવિતની પણ પરવા નહિ કરનારા અને કાયાની આસક્તિથી રહિત એવા મહાપુરુષો બાહ્ય શુદ્ધિની દરકાર ન કરતાં ભાવયજ્ઞનેજ આદરે છે. ( ઉ–૧૨–૪૨ )

૯૬ તપ એજ અગ્નિ છે. જીવાત્મા અગ્નિનું સ્થાન છે, મન, વચન અને કાયાના યોગ એ કડછી છે. અગ્નિને પ્રજ્વલિત કરનારૂં સાધન શરીર છે. કર્મ એ લાકડાં છે. સંયમ એ શાંતિમંત્ર છે. આવા ભાવયજ્ઞનેજ મહર્ષિ જનોએ ઉત્તમ ગણ્યો છે ( ઉ–૧૨–૪૪ )

૯૭ સંયમમાર્ગને પામેલા પુરુષે દિનરાત્રિ જ્ઞાનપૂર્વક તપશ્ચર્યામાંજ વિચરવું જોઇએ. ( ઉ–૧૮–૩૧ )

૯૮ જ્ઞાન અને ગુણથી યુક્ત એવી મધુર શિખામણ સાંભળીને ડાહ્યા અને બુદ્ધિમાન સાધકે દુરાચારીઓના માર્ગને દૂરથીજ છોડીને મહાતપસ્વી મુનીશ્વરોના માર્ગે જવું. ( ઉ–૨૦–૫૧ )

૯૯ કરોડો ભવથી સંચિત કરેલું પાપકર્મ તપ વડે જીર્ણ થઈ જાય છે. ( ઉ–૩૦–૬ )

૧૦૦ તપ બાહ્ય અને આંતરિક એમ બે પ્રકારનું છે. ( ઉ–૩૦–૭ )

બાહ્ય તપ (૧) અણસણ (ઉપવાસ વગેરે) (૨) ઉણોદરી (અલ્પ ભોજન) (૩) વૃત્તિ સંક્ષેપ (ઓછાં દ્રવ્યો વાપરવાં) (૪) રસપરિત્યાગ (રસવાળી વસ્તુઓ જેવી કે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, ગીઠાઇ વગેરે છોડી દેવી) (૫) કાયક્લેશ (કાયાનું દમન) અને (૬) સંલીનતા (એકાંતસેવન) એ છ પ્રકારનું છે. (ઉ–૩૦–૬)

૧૦૧ આંતરિક તપ પ્રાયશ્ચિત્ત, વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ (દેહાધ્યાસનો ત્યાગ) એ છ પ્રકારનું છે. (ઉ–૩૦–૩૦)

૧૦૨ જન્મ અને મરણનો વિચાર કરીને બુદ્ધિશાળી મનુષ્યે દૃઢ એવા સંયમમાંજ સ્થિર થવું. (આ–૨–૮૦–૯૫)

૧૦૩ જે પ્રતિ માસે દશ દશ લાખ ગાયો દાનમાં આપે છે, તેના કરતાં કંઈ પણ ન આપનારો સંયમી વધી જાય છે. (ઉ–૯–૪૦)

૧૦૪ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય (મૈથુન) અને પરિગ્રહ (અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા અને મેળવેલી વસ્તુનું મમત્વ) એ પાંચ સ્થાનોને સંયમીએ છોડી દેવા. (ઉ–૩૫–૩)

## ૧૫ અહિંસા વિષે

૧૦૫ જે અહિંસામાં કુશળ છે, અને જે બંધમાંથી મુક્તિ મેળવવાનાજ પ્રયત્નમાં રહે છે, તે સાચો બુદ્ધિમાન છે. (આ–૨–૧૦૨)

૧૦૬ પ્રમાદ અને તેને પરિણામે કામગુણોમાં આસક્તિ, એ જ હિંસા છે. (આ–૧–૩૪૬)

૧૦૭ જે માણુસ વિવિધ પ્રાણોની હિંસામાં પોતાનુંજ અનિષ્ટ જોઈ શકે છે, તે તેનો ત્યાગ કરવા સમર્થ થઈ શકે છે. (આ–૧–૫૫–૫૭)

૧૦૮ શાંતિને પામેલા સંયમીઓ બીજાની હિંસા કરીને જીવવા ઈચ્છતા નથી. (આ–૧–૫૫–૫૭)

૧૦૯ બધા પ્રાણીઓને આયુષ્ય અને સુખ પ્રિય છે, તથા દુઃખ અને વધ અપ્રિય તથા પ્રતિકૂળ છે. તેઓ જીવિતની કામનાવાળા અને જીવિતને પ્રિય માનનારા છે. બધાને જીવિત પ્રિય છે. પ્રમાદને લીધે પ્રાણોને અત્યાર સુધી જે વ્યથા આપી છે, તેને બરાબર સમજીને, ફરીથી તેવું ન કરવું, તેનું નામ ખરી સમજ છે. અને એ જ કર્મોની ઉપશાંતિ છે. (આ–૨–૮૦–૯૬–૯૭)

૧૧૦ અન્ય જીવોને પણ પોતાના પ્રાણ વ્હાલા છે, તેમ જાણીને ભય અને વૈરથી વિરમેલો આત્મા કોઇ પણ પ્રાણીઓના પ્રાણને હણે નહિ. (ઉ–૬–૭)

૧૧૧ પ્રમાદથી હિંસક બનેલા વિવેકશુન્ય જીવો કોના શરણે જશે ? (ઉ–૪–૧)

## ૧૫ સત્ય વિષે

૧૧૨ આ લોકમાં સર્વ સાધુપુરુષોએ અસત્ય વચનની નિંદા કરી છે. વળી તે બધાં ભૂત પ્રાણીઓના વિશ્વાસનો

ભંગ કરવા રૂપ છે, માટે અસત્યનો ત્યાગ કરવો. (દ–૬–૨–૧૨)

૧૧૩ હે પુરુષ ! તું સત્યનેજ ઓળખ. સત્યની આરાધના કરતો, પ્રયત્નશીલ, સ્વહિતમાં તત્પર તથા ધર્મને અનુસરતો મેધાવી પુરુષ જ મૃત્યુને તરે છે અને શ્રેયનું દર્શન કરે છે. (આ–૩–૧૧૦)

૧૧૪ જે સત્ય છે, તે જ મુનિપણું છે અને જે મુનિપણું છે તે જ સત્ય છે. (આ–૨–૧૫૫)

## ૧૬ ચોરી ન કરવા વિષે

૧૧૫ કોઈની આજ્ઞા સિવાય કંઈ પણ લેવું તે નરક ગતિમાં લઈ જનાર છે, એમ માનીને ઘાસનું તરણું પણ આપ્યા વગર લેવું નહિ. (ઉ–૬–૮)

## ૧૭ બ્રહ્મચર્ય વિષે

૧૧૬ બ્રહ્મચર્ય રૂપ ધર્મ નિરંતર, સ્થિર અને નિત્ય છે. તે ધર્મનું પાલન કરી અનેક આત્માઓ અંતિમ લક્ષ્યે પહોંચ્યા છે, પહોંચે છે અને પહોંચશે. (ઉ–૧૬–૧૭)

૧૧૭ ઈંદ્રિયોનું દમન કરી ધર્મરૂપી બગીચામાં રક્ત થઈને બ્રહ્મચર્યમાં જ સમાધિ કેળવવી. (ઉ–૧૬–૧૫)

૧૧૮ સ્ત્રીઓને જોયા પછી કામભોગની વાંછા રાખ્યા કરનાર સમુદ્ર કિનારે હડ નામનું વૃક્ષ જેમ પવનથી ઉખડી જાય છે તેમ ઉચ્ચ ભૂમિકાથી પતિત થાય છે. (ઉ–૨૨–૪૪)

૧૧૯ નૈષ્ઠિક બ્રહ્મચારીને માટે નીચેની દશ વસ્તુઓ તાલપુટ વિષ (અતિ ભયંકર ઝેર) જેવી છે:

(૧) સ્ત્રીઓવાળા સ્થાનમાં રહેઠાણ.
(૨) શૃંગારિક કથાઓનું શ્રવણ.
(૩) સ્ત્રીઓનો વિશેષ પરિચય.
(૪) સ્ત્રીઓનાં અંગોપાંગનું નિરીક્ષણ.
(૫) સ્ત્રીનાં મધુર શબ્દો, ગીત, રૂદન કે હાસ્યનું શ્રવણ.
(૬) પૂર્વજીવનમાં કરેલી કામક્રીડાનાં સંસ્મરણો.
(૭) વિષયની મસ્તી વધારે તેવાં રસવાળાં ભોજનો.
(૮) ઠાંસીને ખાવું.
(૯) શણગાર.
(૧૦) શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ પ્રત્યેની આસક્તિ.
(ઉ-૧૬-૧૬-૧૧૦)

૧૨૦ જેમ ઘણાં કાષ્ઠોથી ભરેલા વનમાં પવનના ઝપાટા સાથે ઉત્પન્ન થયેલો દાવાગ્નિ બુઝાતો નથી, તેમ વિવિધ જાતના રસવાળા આહાર ભોગવનાર બ્રહ્મચારીનો ઇંદ્રિયરૂપ અગ્નિ શાંત થતો નથી. (ઉ-૩૨-૧૧)

## ૧૮ અપરિગ્રહ વિષે

૧૨૧ મમતા એ જ પરિગ્રહ છે. (દ-૬-૨-૨૧)

૧૨૨ નિઃસ્પૃહીને (મમતા રહિતને) આ લોકમાં કશુંયે અશક્ય નથી. (ઉ-૧૯-૨૪)

૧૨૩ ધીર પુરુષ સંસારની નિરર્થક વસ્તુઓ સારૂ શા માટે પોતાના આત્માને હણે? (ઉ-૧૮-૫૪)

૧૨૪ દુઃખ તેનું હણાયું છે કે જેને મોહ થતો નથી. મોહ તેનો હણાયો છે કે જેના હૃદયમાં તૃષ્ણા નથી. વળી તૃષ્ણા તેની હણાઈ છે કે જેને પ્રલોભનો પજવતાં નથી. અને પ્રલોભનો તેને જ નથી કે જેને આ જગતમાં પરિગ્રહ (આસક્તિ) જેવું કાંઈ પણ નથી. (ઉ-૩૨-૮)

## ૧૯ જ્ઞાન અને જ્ઞાની વિષે

૧૨૫ પ્રથમ જ્ઞાન અને પછી દયા, એ સંયમી પુરુષની સ્થિતિ છે. જે અજ્ઞાની છે, તે શું આચરે તથા હિત-અહિત કેમ કરીને જાણે? (દ—૪-૧૦)

૧૨૬ જ્ઞાની પાસેથી સાંભળીને જ કલ્યાણ તેમ પાપ જાણી શકાય છે. તે બંને જ્ઞાની પાસેથી જાણીને, જે કલ્યાણકારી હોય તે આચરવું. (દ-૪-૧૧)

૧૨૭ જ્ઞાનીજનો પાસેથી ઉપયોગી સાધનો (ક્રિયાઓ) મિત્રભાવે શિખી લેવાં. (ઉ. ૧-૮)

૧૨૮ જ્ઞાની ગુરુ શિષ્ય પર જ્યારે પ્રસન્ન થાય છે, ત્યારે શાસ્ત્રનાં ગંભીર રહસ્યો સમજાવે છે. (ઉ. ૧-૪૬)

૧૨૯ વૈરાગ્યયુક્ત હોવા છતાં જે માની છે, લોભી છે, અસંયમી છે અને વારંવાર વિવાદ કરનાર છે, તે અવિનીત અને અજ્ઞાની છે. (ઉ. ૧૧-૨૭)

૧૩૦ માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ એ પાંચ કારણોથી જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. ( ઉ. ૧૧–૩ )

૧૩૧ વારંવાર ન હસનાર, ઈંદ્રિયોનું દમન કરનાર, કોઈનાં છિદ્રો ઉઘાડા ન પાડનાર, સદાચારી, અનાચારથી દૂર રહેનાર, અલોલુપ, ક્રોધ નહિ કરનાર તથ સત્યમાં અનુરક્ત રહેનાર જ જ્ઞાની કહેવાય છે. (ઉ. ૧૧–૫)

૧૩૨ જે હમેશાં ગુરુની પાસે રહીને યોગ અને તપશ્ચર્યા કરે છે, મધુર બોલનાર અને શુભ કરનાર હોય છે. તે જ આત્મજ્ઞાનને પાત્ર છે. ( ઉ. ૧૧–૧૪ )

૧૩૩ જેમ શંખમાં પડેલું દૂધ બે પ્રકારે શોભે છે. તેમ જ્ઞાની પણ કીર્તિ અને શાસ્ત્ર એ બંને વડે શોભે છે. ( ઉ. ૧૧–૧૫

૧૩૪ જેમ અંધકારનો નાશ કરનાર ઉગતો સૂર્ય તેજથી જાજ્વલ્યમાન હોય છે, તેમ બહુશ્રુત ( જ્ઞાની ) આત્મજ્ઞાનના પ્રકાશથી શોભતો હોય છે. ( ઉ. ૧૧–૨૪ )

૧૩૫ જેમ દોરાવાળી સોય ખોવાતી નથી તેમ આત્મજ્ઞાની સંસારમાં ભૂલો પડતો નથી. ( ઉ. ૨૯–૫૯ )

૧૩૬ નિર્ભય અને ડાહ્યા પુરુષો કઠોર શિક્ષાને પણ ઉત્તમ ગણે છે, જ્યારે મૂઢ પુરુષો ક્ષમા અને શુદ્ધિ કરનારા હિતવાક્યથી પણ દ્વેષ પામે છે. ( ઉ. ૧–૨૯ )

૧૩૭ ધીર સાધકે જડક્રિયાઓને છોડી સાચા જ્ઞાનસહિત

ક્રિયાને આચરવી અને સમદૃષ્ટિથી યુક્ત થઈને કાયર પુરુષોને કઠિન એવા સદ્ધર્મમાં ગમન કરવું.

( ઉ. ૧૮–૩૩ )

## ૨૦ તિતિક્ષા વિષે

૧૩૮ મોટા અરણ્યને વિષે વૃક્ષના મૂળમાં બેઠેલા મૃગલાને જ્યારે રોગ ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યાં જઈ તેની સારવાર કોણ કરે છે? તેને ઔષધ કોણ આપે છે? તેના સુખ દુઃખની ચિંતા કોણ કરે છે? અને તેને ભોજન પાણી કોણ આપે છે? કાંઈ પણ પ્રતિક્રિયા ( ઉપાય ) કર્યા સિવાય જ્યારે તે નીરોગી થાય છે, ત્યારે પોતાની મેળે વનમાં જઈને સુંદર ઘાસ અને સરોવરને શોધી લે છે. અને તે ઘાસ ખાઈને તથા પાણી પીને સ્વતંત્ર વિચરતો પોતાના નિવાસ્થાને પહોંચે છે. પુરુષાર્થી સાધુક આવી મૃગચર્યાને ધારણ કરવાથી યોગ્ય સ્થાને પહોંચે છે. (ઉ- ૧૯–૭૯–૮૧)

૧૩૯ જેમ વાયુથી મેરુ કંપતો નથી તેમ વિચક્ષણ સાધક પરિષહોથી કંપે નહિ. પરંતુ પોતાના મનને વશ રાખી તે બંધુ સમભાવે સહન કરે.

૧૪૦ દેવ, મનુષ્ય અને પશુઓના આકસ્મિક ઉપસર્ગોને આત્મભાવે સહન કરનાર સંસારમાં ભમતો નથી.

( ઉ. ૩૧–૫ )

## ૨૧ વીતરાગતા વિષે

૧૪૧ પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવનાર બે બળો તે રાગ અને દ્વેષ છે. ( ઉ. ૩૧–૩ )

૧૪૨ રાગ અને દ્વેષ એ બેજ કર્મનાં બીજ છે. મનોજ્ઞભાવ રાગનો હેતુભૂત છે અને અમનોજ્ઞભાવ દ્વેષનો હેતુભૂત છે. તે બંનેમાં જે સમભાવ રાખી શકે છે તે જ વીતરાગી છે. ( ઉ. ૩૧–૭ )

૧૪૩ કામભોગના પદાર્થો પોતે તો સમતા કે વિકાર કશું ઉપજાવતા નથી. પણ રાગ અને દ્વેષથી ભરેલો આત્મા તેમાં આસક્ત બની મોહ વડે વિકારને પામે છે. ( ઉ. ૩૨–૧૦૧ )

૧૪૪ જે મનુષ્ય ભાવમાં વિરક્ત રહી શકે છે, તે શોકથી રહિત થાય છે અને કમલપત્ર જેમ જળથી લેવાતું નથી, તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં તે જીવ દુઃખસમૂહથી લેપાતો નથી. ( ઉ ૩૨–૯૯ )

૧૪૫ સંસારમાં રતિ શું અને અરતિ શું ? મુમુક્ષુએ એ બંનેનો ગ્રહ છોડી દેવો. ( આ. ૩-૧૧૭ )

૧૪૬ ઇંદ્રિયો અને મનના વિષયો આસક્તિવાળા જીવને એકાંત દુઃખના નિમિત્તરૂપ બને છે. તે જ વિષયો વીતરાગી પુરુષને કદાપિ થોડું પણ દુઃખ આપી શકતા નથી. ( ઉ. ૩૨–૧૦૦ )

૧૪૭ વીતરાગી આત્મા જ્ઞાનાવરણીય કર્મ એક ક્ષણમાં જમાવે છે. અને તે જ પ્રમાણે દર્શનાવરણીય અને અંતરાય કર્મનો પણ નાશ કરે છે. (ઉ. ૩૨–૧૦૮)

## ૨૨ ગુણ કર્મ વિષે

૧૪૮ મસ્તક મુંડન કરવાથી સાધુ થવાતું નથી. ૐકારના ઉચ્ચારથી બ્રાહ્મણ થવાતું નથી. તેમ અરણ્યવાસથી મુનિ કે ભગવાં વસ્ત્ર પહેરવાથી તાપસ બનાતું નથી. (ઉ. ૨૫–૩૧)

૧૪૯ સમભાવથી સાધુ થવાય છે, બ્રહ્મચર્યપાલનથી બ્રાહ્મણ બનાય છે, જ્ઞાનથી મુનિ થવાય છે અને તપ વડે જ તાપસ બનાય છે. (ઉ. ૨૫–૩૨)

૧૫૦ કર્મથી જ બ્રાહ્મણ થવાય છે, કર્મથી જ ક્ષત્રિય થવાય છે. કર્મથી જ વૈશ્ય અને કર્મથી જ શૂદ્ર થવાય છે. (ઉ. ૨૫–૩૩)

૧૫૧ ગુણો વડે જ સાધુ થવાય છે અને દુર્ગુણો વડે જ અસાધુ થવાય છે. માટે સાધુગુણોનો સ્વીકાર કરવો અને અસાધુગુણોનો ત્યાગ કરવો. (દ. ૯–૩–૧૧)

| | | |
|---|---|---|
| **ચોથી શ્રેણી** | ૭૩ શ્રીજિનપ્રભસૂરિ | ૮૬ શ્રીહેમચંદ્રસૂરિ |
| ૬૧ અષાઢાભૂતિ | ૭૪ જાવડભાવડ | ૮૭ શ્રીમાનતુંગાચાર્ય |
| ૬૨ આર્દ્રકુમાર | ૭૫ મંત્રી વિમળશાહ | ૮૮ મહાકવિ ધનપાળ |
| ૬૩ નંદિષેણ | ૭૬ વસ્તુપાળ-તેજપાળ | ૮૯ કર્માશાહ |
| ૬૪ સતી મયણરેહા | ૭૭ મંત્રી દયાલદાસ | ૯૦ કર્મચંદ બચ્છાવત |
| ૬૫ રતિસુંદરી | ૭૮ સમરસિંહ | ૯૧ ખેમો હડાળિયો |
| ૬૬ શીલવતી | ૭૯ દાનવીર જગડુ | ૯૨ મંત્રી પેથડકુમાર |
| ૬૭ માછી હરિબલ | ૮૦ ભામાશાહ | ૯૩ કોચરશાહ |
| ૬૮ રાજા શ્રીપાળ | **પાંચમી શ્રેણી** | ૯૪ શ્રી હીરવિજયસૂરિ |
| ૬૯ વીર વનરાજ | ૮૧ શ્રીઆર્યરક્ષિતસૂરિ | ૯૫ શ્રી. યશોવિજયજી |
| ૭૦ શ્રીસૂરાચાર્ય | ૮૨ શ્રી સિદ્ધર્ષિગણિ | ૯૬ યોગી આનંદઘનજી |
| ૭૧ વાદિવેતાલ શાંતિ સૂરિ | ૮૩ શ્રીવિજયસિંહસૂરિ | ૯૭ શ્રીમદ્ દેવચંદ્રજી |
| | ૮૪ શ્રીઅભયદેવસૂરિ | ૯૮ શ્રીવિજયાનંદસૂરિ |
| ૭૨ શ્રીજિનદત્તસૂરિ | ૮૫ શ્રીવાદિદેવસૂરિ | ૯૯ શ્રીવિજયધર્મસૂરિ |
| | | ૧૦૦ શ્રીમદ્ રાજચંદ્ર |


પ્રકાશક :

**જૈન પ્રકાશન મંદિર**

જૈન ધર્મના પુસ્તકો પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર.

૮૬, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

મુદ્રક : ગોવિંદલાલ મોહનલાલ જાની, કૃષ્ણ પ્રિન્ટરી રતનપોળ—અમદાવાદ.
પ્રકાશક : શાંતિલાલ લક્ષ્મીશંકર પંચોળી, જૈન પ્રકાશન મંદિર,
૮૬, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

# જૈન ચરિત્રમાળાનાં ૧૦૦ પુસ્તકો

## જેમાં શ્રી જૈન ધર્મના મહાપુરુષો—મહાસતીઓનાં ચરિત્રો રસભરી સુંદર શૈલિમાં રજૂ થાય છે.

દરેક શ્રેણીનું મૂલ્ય રૂા. ૫–૦–૦. છુટક એક નકલના આના ચાર.

| પહેલી શ્રેણી | બીજી શ્રેણી | ત્રીજી શ્રેણી |
|---|---|---|
| ૧ શ્રીઆદિનાથ | ૨૧ ચક્રી બ્રહ્મદત્ત | ૪૧ મેઘકુમાર |
| ૨ શ્રીમલ્લિજિન | ૨૨ અગિયાર ગણધરો | ૪૨ અભયકુમાર |
| ૩ શ્રીઅરિષ્ટનેમિ | ૨૩ સતી મૃગાવતી | ૪૩ ધન્યકુમાર |
| ૪ પ્રભુ પાર્શ્વનાથ | ૨૪ સતી સુલસા | ૪૪ શાલિભદ્ર |
| ૫ શ્રમણ ભગવાન મહાવીર | ૨૫ સતી સુભદ્રા | ૪૫ શેઠ કૃતપુણ્ય |
| | ૨૬ સતી અંજના | ૪૬ રાજર્ષિ પ્રસન્નચંદ્ર |
| ૬ ભરતેશ્વર | ૨૭ સમુદ્રપાળ | ૪૭ મૃગાપુત્ર |
| ૭ ચક્રી સનત્કુમાર | ૨૮ રાજા કરકંડુ | ૪૮ સતી કલાવતી |
| ૮ મગધરાજ શ્રેણિક | ૨૯ મુનિ મેતાર્ય | ૪૯ સતી ઋષિદત્તા |
| ૯ સતી સીતા | ૩૦ ચિત્ત અને સંભૂતિ | ૫૦ સતી નર્મદાસુંદરી |
| ૧૦ દ્રૌપદી | ૩૧ નંદન મણિયાર | ૫૧ આર્યકાલક |
| ૧૧ સતી દમયંતી | ૩૨ અર્જુન માળી | ૫૨ મહામુનિસ્થૂલભદ્ર |
| ૧૨ ચંદનબાળા | ૩૩ દઢપ્રહારી | ૫૩ શ્રીવજ્રસ્વામી |
| ૧૩ અનાથી મુનિ | ૩૪ ચિલાતીપુત્ર | ૫૪ શ્રીસિદ્ધસેન દિવાકર |
| ૧૪ મહર્ષિ કપિલ | ૩૫ શ્રીજંબૂસ્વામી | ૫૫ આ. મલ્લવાદી |
| ૧૫ મુનિ હરિકેશબલ | ૩૬ શ્રીશય્યંભવસૂરિ | ૫૬ શ્રીહરિભદ્રસૂરિ |
| ૧૬ નમિરાજ | ૩૭ આચાર્ય ભદ્રબાહુ | ૫૭ આ. બપ્પભટ્ટિ |
| ૧૭ દસ ઉપાસકો | ૩૮ આર્ય ખપુટાચાર્ય | ૫૮ સમ્રાટ્સંપ્રતિ |
| ૧૮ શેઠ સુદર્શન | ૩૯ શ્રીપાદલિપ્તસૂરિ | ૫૯ પરમાર્હત કુમાર–પાળ |
| ૧૯ મંત્રનો મહિમા | | |
| ૨૦ વીતરાગની વાણી | ૪૦ હિતશિક્ષા | ૬૦ જ્ઞાનગંગા |

શ્રેણી ચોથી તથા પાંચમીની સંપૂર્ણ નામાવલિ માટે અંદરનું પૃષ્ઠ જુઓ.


મુદ્રકઃ ગોવિન્દલાલ મોહનલાલ જાની, : કીમા પ્રિન્ટરી : રતનપોળ : અમદાવાદ.